

# ક્રિકેટનો ગ્રેડેશન વિવાદ: ક્રિકેટની રમતને ક્યાં લઈ જશે?

**આ વિવાદમાં તાજેતરની પરિસ્થિતિની વાત કરીએ તો ચેમ્પિયન્સ ટ્રોફીની હાર પછી ગ્રેડેશન વિવાદ ઉપરાંત આ આખા પ્રકરણમાં કોહલી અને કુંબલે વચ્ચેનો ખટરાગ જગજાહેર થઈ ગયો છે અને કુંબલે રાજીનામું આપી ચૂક્યો છે. શ્રીલંકા પ્રવાસ પહેલાં નવા કોચ નીમાશે એવી સત્તાવાર જાહેરાત તો થઈ ગઈ છે પણ અહીં પ્રશ્ન એ છે કે કેપ્ટન-કોચના ટકરાવનો આ ટ્રેન્ડ આપણા ક્રિકેટને ક્યાં લઈ જશે?**

**મૈત્રી પટેલ** . aarpar@gmail.com

ભારતીય ટીમના કોચ તરીકે નિયુક્તિ કરવા માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે જાહેરાત આપી દીધી છે. એ સાથે જ વર્તમાન મુખ્ય કોચ અનિલ કુંબલેને એક્સટેન્શન નહીં આપવાના સંકેત મળી રહ્યા છે. ભારતીય ટીમ તેના નેજા હેઠળ ઘણા વિજય મેળવી શકી છે, છતાં અનિલ કુંબલેની વિદાય માટે ભારતીય ક્રિકેટ બોર્ડ કેમ ઉતાવળું થઇ ગયું? ટીમ ઈન્ડિયાના સુકાની વિરાટ કોહલી અને કોચ અનિલ કુંબલેની જોડીએ ક્રિકેટરોને ચુકવાતાં મહેનતાણાં - ફી અંગે નવા માળખા માટે માંગ કરી છે. એ ઓછું હોય એમ ફીમાં દોઢસો ટકાનો વધારો માંગ્યો છે, તે બોર્ડને ગમ્યું હોય એમ લાગતું નથી.

ભારતમાં ક્રિકેટ એક ધર્મ થઇ ગયો છે. હાલમાં જ આઈપીએલ પૂરી થઇ તેમાં લાખ્ખો લોકોએ એ રમત માણી અને ઘરે ઘર ટીવી ઉપર જોનારાઓની સંખ્યા તો જુદી જ. એક તરફ આઈપીએલના સટ્ટાકાંડ બાદ લોધા કમિટીએ ભલે અનેક ભલામણો કરી છે અને તેને પગલે ભારતીય ક્રિકેટ બોર્ડના માળખામાં અનેક ફેરફારો આવી ગયા છે, તેમ છતાં હજુ આઈપીએલ પર રમાતો સટ્ટો ઓછો થયો નથી. એ વાત અલગ છે કે એ અંગે હવે ખાસ ચર્ચા પણ થઈ નથી. મસાલા ક્રિકેટ જાણે સટ્ટો રમવાનું માધ્યમ જ બની ગયું એમ છે. હજુ ફિક્સિંગનો મામલો બહાર આવ્યો નથી, પરંતુ ગુજરાત લાયન તો વિવાદમાં આવી જ હતી. ખેર, હજુ કોઈ ફિક્સિંગ બહાર આવ્યું નથી, છતાં શાહમૃગની જેમ રેતીમાં માથું ખોસીને વંટોળ નથી, એમ કહી શકાય નહીં. ક્રિકેટ ચાહકો પણ જાણે જ છે કે આઈપીએલમાં બધુ સાફસુથરું નથી. ચર્ચા તો ફિક્સિંગની પણ ચાલતી જ રહે છે, છતાં ચાહકોને મઝા આવે છે અને આઈપીએલ સક્સેસ છે. ભારતમાં હવે ક્રિકેટ પ્રતિ એવો લગાવ છે કે કોઈ પણ ટુર્નામેન્ટ ચિક્કાર જ જાય છે. એ અમાપ ચાહના ક્રિકેટ બોર્ડની તિજોરીને છલકાવી દે છે. જોકે એમાંથી જ બીસીસીઆઈનો આઈસીસી સાથે વિવાદ થયો હતો. શેરિંગનો મામલો એવો ચગ્યો હતો કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત નહીં રમે એવી પણ ભીતિ હતી. જોકે પાછળથી ઘીના ઠામમાં ઘી પડી ગયું છે. આ વિવાદના મૂળમાં પણ ભારતીય ક્રિકેટ બોર્ડ સૌથી ધનિક બોર્ડ છે, એ જ છે.

ભારતમાં ક્રિકેટ અતિ લોકપ્રિય છે અને તેને કારણે ભારતીય ક્રિકેટ બોર્ડ પણ અતિ ધનિક છે. એમ તો ક્રિકેટનો ઉદ્‌ભવ તો ઈંગ્લેન્ડમાં થયો છે, એ જેન્ટલમેન ગેઈમ પ્રતિ ઈંગ્લેન્ડમાં જે ચાહના છે, તેના કરતાં પણ અનેકગણી ઘેલછા ભારતમાં જોવા મળે છે, ત્યારે ભારતીય ક્રિકેટ બોર્ડની તિજોરી ન છલકાતી હોય તો જ નવાઈ. જોકે ભારતીય ક્રિકેટ બોર્ડ ઉપર મહદંશે રાજકારણીઓ કે રાજકીય વગ ધરાવનારાઓનું જ રાજ રહ્યું છે, તેને કારણે ક્રિકેટને નુકસાન ઘણું ગયું છે. આજની હોકીની દુર્દશા પણ રાજકીય હસ્તક્ષેપને કારણે જ થઈ છે. ક્રિકેટ એ માર્ગે જાય એ પહેલાં જ અદાલતે એવા આકરાં પગલાં ભરાવડાવ્યાં છે કે ક્રિકેટ અવગતિએ જતાં બચી જાય એમ લાગે છે. ખેર, અત્યારે પણ ક્રિકેટ અસીમ ચાહકો ધરાવે છે. એ સંજોગોમાં ક્રિકેટરો પણ ભગવાનની જેમ જ પુજાય છે. ભારતીય ક્રિકેટ બોર્ડ જેમ વિશ્વમાં સૌથી ધનિક બોર્ડ છે, તેમ ભારતમાં તો ક્રિકેટરો પણ સૌથી વધુ કમાતા ખેલાડીઓ છે. ખાસ કરીને ક્રિકેટ કરતાં પણ જાહેરખબરની તેમની આવક વધુ હોય છે. એ કારણે તેઓની આવક અન્ય કોઈ પણ રમતવીર કરતાં વધુ હોય છે.આ સંજોગોમાં બધા જ ચાહકો ઈચ્છે છે કે તેમના ઘરે પણ એક ક્રિકેટર પાકે

અને તેના કારણે જ ક્રિકેટ એક ધીખતો ધંધો થઇ ગયો છે. એ જ્યારે એક વિશાળ બિઝનેસ થઇ ગઇ છે, ત્યારે તેમાં કામ કરનારા પણ તે પ્રમાણે વેતન માંગે એ સમજી શકાય એમ છે.

સત્ય પણ એ જ છે કે વિશ્વમાં સૌથી વધુ ધનિક ક્રિકેટ બોર્ડ ક્રિકેટરને ફી આપવામાં કંજૂસ છે. ક્રિકેટરોને ફી આપવામાં બીસીસીઆઇ વિશ્વમાં છેક ચોથા ક્રમે આવે છે. ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા પહેલા ત્રણ ક્રમે છે અને એ પછીના ક્રમે ભારત આવે છે. વિશ્વમાં સૌથી વધુ કમાતા અને જેની તિજોરી છલોછલ ભરાયેલી છે, એ જ ક્રિકેટ બોર્ડના ક્રિકેટરોને અન્ય બોર્ડ કરતાં ઓછા પૈસા મળે એ કેમ ચાલે ? આપણે ત્યાં ક્રિકેટરો જાહેરખબર તથા અન્ય બિઝનેસથી અઢળક કમાય છે, એમાં કોઇ ઇન્કાર થઇ શકે નહીં, પણ તેમનો મુખ્ય વ્યવસાય ક્રિકેટ છે, તેમાં મહેનતાણું ઓછું હોય એ કેમ ચાલે ? અત્યારે તેની સામે બૂંગિયો ફૂંકાયો છે. ટીમ ઇન્ડિયાના સુકાની વિરાટ કોહલી તથા કોચ અનિલ કુંબલેની જોડીએ બોર્ડને નવી ગ્રેડેશન પદ્ધતિ અપનાવવા માટે હાકલ કરી છે. યાદ રહે કે થોડા વખત પહેલાં વેસ્ટઇન્ડિઝના ખેલાડીઓ પણ તેમની ફીને કારણે હડતાલ પર ઉતર્યા હતા. ભારતીય ખેલાડીઓ હજુ એ માર્ગે ગયા નથી. ખેર, કોહલી-કુંબલેની જોડીએ જે ભલામણ કરી છે, તેમાં સફળ સુકાની એમ.એસ. ધોનીને તકલીફ થાય એમ છે. જે ભલામણ થઇ છે, એ પ્રમાણે ટેસ્ટ ક્રિકેટ, વન ડે અને ટી ૨૦ એમ ત્રણ ફોર્મેટની ટીમો માટે ક્રિકેટરોને અલગ ફી અપાવી જોઇએ. ટેસ્ટ ટીમમાં રમનારા ખેલાડીને સૌથી વધુ ફી મળવી જોઇએ, તો બીજા ક્રમે વન ડે અને ત્રીજા ક્રમે ટી ૨૦ના ખેલાડીઓને ફી મળવી જોઇએ. પહેલી નજરે આ ગ્રેડેશન યોગ્ય પણ છે. સમયની દૃષ્ટિએ જોઇએ તો પણ ટેસ્ટ ક્રિકેટ જ મહત્તમ પાંચ દિવસ ચાલે છે, જ્યારે વન ડે તો એક જ દિવસમાં પૂરી થાય છે, જ્યારે ટી ૨૦ તો કલાકોમાં જ પૂરી થતી હોય, ત્યારે એ ત્રણ ફોર્મેટમાં રમતા ખેલાડીઓને એ પ્રમાણે જ ફી મળવી જોઇએ એવો આગ્રહ થાય એ સમજી શકાય એમ છે. જોકે આ ગ્રેડેશન પદ્ધતિ અમલમાં આવે તો મહેન્દ્રસિંહ ધોનીનું શું કરવું એ બોર્ડને મૂંઝવતો પ્રશ્ન છે. મહેન્દ્રસિંહ ધોની ભારતીય ક્રિકેટમાં વર્તમાન ખેલાડીઓમાં સૌથી સિનિયર ખેલાડી છે. પરંતુ ટેસ્ટ ક્રિકેટને તેણે અલવિદા કહી દીધી છે. હવે તે ફક્ત વન ડે અને ટી ૨૦ ક્રિકેટ જ રમે છે, ત્યારે તેને સિનિયર ખેલાડી હોવા છતાં અન્ય કરતાં ઓછી ફી આપવી પડે. અત્યારે જે ફી મળે છે, તે સ્વાભાવિક છે કે સિનિયર હોવાને કારણે વધુ જ મળે છે. પરંતુ નવી ગ્રેડેશન સિસ્ટમ અપનાવાય તો ધોનીને ઓછી ફી આપવી પડે, જે બોર્ડ અત્યારે પસંદ કરે એમ લાગતું નથી. આ સંજોગોમાં કોહલી-કુંબલનો પ્રસ્તાવ બોર્ડને આંચકો આપતો ગયો છે. એ ઉપરાંત જ્યારે બોર્ડ વિશ્વમાં સૌથી શ્રીમંત હોય અને ત્યારે તેના ક્રિકેટરને વિશ્વમાં ચોથા ક્રમનું મહેનતાણું મળતું હોય તેની સામે પણ રણશિંગું ફૂંકાયું છે. ખાસ કરીને આ જોડીએ એક બે નહીં ૧૫૦ ટકા વધારો માંગ્યો છે. મતલબ કે અત્યારે ટેસ્ટ ફોર્મેટમાં ફી ૨ કરોડ છે, જે વધીને ૫ કરોડ થઇ જશે. આ માંગણી ક્રિકેટ બોર્ડને પસંદ આવી નથી. અત્યારે તો ભારતીય ક્રિકેટ માટે વિરાટ કોહલી જરૂરી છે, તેથી તેની સામે પગલાં ભરીને બોર્ડ પગ પર કુહાડો મારે એમ નથી, તો બીજી તરફ ક્રિકેટ બોર્ડ પોતાની મરજી મુજબ જ કામ કરશે એ દેખાડવા માટે પણ તેણે કોઇ પગલાં ભરવા પડે એમ છે. એ કારણસર જ બોર્ડે અત્યારે સફળ કોચ તરીકે કામ કરતા અનિલ કુંબલેને ખસેડીને અન્ય કોચની નિયુક્તિ કરવા માટે જાહેરખબર આપી દઇને સંકેત આપી દીધો છે.

અનિલ કુંબલેને ખસેડીને ભારતીય ક્રિકેટ બોર્ડ ક્રિકેટરોને ચૂપ કરી શકશે ખરું?

**ક્રિકેટ બોર્ડ પહેલાં તો ટીમની પસંદગીમાં જ ગાળો ખાતું હતું હવે મોરચો નવો ખૂલ્યો છે. ભૂતકાળમાંય ભારતીય ક્રિકેટરો તેમની ફી માટે અસંતોષ વ્યક્ત કરતા. ભારતીય ક્રિકેટ બોર્ડ બીજી રમતોમાં ભારત શક્તિશાળી બને એ માટે પ્રયાસ કરતું નથી, ત્યારે તિજોરી છલકાતી રહે તે સામે પણ ઘણાને વાંધો છે.**

અત્યારે તો સમાધાનના તેવર જણાય છે. વિરાટ કોહલીએ કમાન સંભાળેલી છે, ત્યારે બોર્ડ તત્કાળ તો ક્રિકેટરોને નિરાશ કરવાનાં પગલાં ભરે એમ લાગતું નથી. ભારતીય ટીમ અત્યારે ઇંગ્લેન્ડ પહોંચી ગઇ છે. પહેલી જૂનથી શરૂ થયેલી ચેમ્પિયન્સ ટ્રોફી તે રમી રહી છે. આ ટુર્નામેન્ટમાં તે ચેમ્પિયન થઇને આવશે, તે સાથે જ ક્રિકેટરોની માંગ વધુ પ્રબળ બનશે અને નવી દિશા પકડશે. વિરાટ કોહલી લડાયક મિજાજનો ખેલાડી છે, તેનો મિજાજ તેના નેતૃત્વમાં ક્રિકેટના મેદાનમાં ઝળકતો દેખાય છે. એ જ મિજાજ તે ક્રિકેટ બોર્ડ સામે પણ દાખવે તો ભડકો થશે એમાં કોઇ શંકા પણ નથી. ભારતીય ક્રિકેટ બોર્ડ સામે ક્રિકેટરોને કયાંય ને ક્યાંય વાંકુ પડતું જ રહ્યું છે. ક્રિકેટ બોર્ડ પહેલાં તો ટીમની પસંદગીમાં જ ગાળો ખાતું હતું અને ક્વોટા સિસ્ટમને ભાંડવામાં આવતી હતી.હવે મોરચો નવો ખૂલ્યો છે. ભૂતકાળમાં પણ ભારતીય ક્રિકેટરો તેમની ફી માટે અસંતોષ વ્યક્ત કરતા જ રહ્યા છે અને ખાસ તો ભારતીય ક્રિકેટ બોર્ડ ક્રિકેટ કે બીજી રમતોમાં ભારત શક્તિશાળી બને એ માટે કોઇ જ પ્રયાસ કરતું નથી, ત્યારે તેની તિજોરી છલકાતી રહે તે સામે પણ ઘણાને વાંધો છે. આ વિવાદમાં તાજેતરની પરિસ્થિતિની વાત કરીએ તો ચેમ્પિયન્સ ટ્રોફીની હાર પછી ગ્રેડેશન વિવાદ ઉપરાંત આ આખા પ્રકરણમાં કોહલી અને કુંબલે વચ્ચેનો ખટરાગ જગજાહેર થઇ ગયો છે અને કુંબલે રાજીનામું આપી ચૂક્યો છે. શ્રીલંકા પ્રવાસ પહેલાં નવા કોચ નીમાશે એવી સત્તાવાર જાહેરાત તો થઇ ગઇ છે પણ અહીં પ્રશ્ન એ છે કે કેપ્ટન-કોચના ટકરાવનો આ ટ્રેન્ડ આપણા ક્રિકેટને ક્યાં લઇ જશે?

